# દેશની આજની દશા અને દિશામાં સરદાર

**ચૌધરી જયશ્રી જી.**
ડી/૬૫, વ્રજધામ સોસાયટી, એરફોર્સ સ્ટેશનની પાસે,
મકરપુરા, વડોદરા-૩૯૦૦૧૪.
Email ID : gulabgc.62@gmail.com

**સારાંશ :** આઝાદીની લડતો અને સત્યાગ્રહોમાં મહાત્મા ગાંધીના અડીખમ સાથી એવા, વલ્લભભાઇ પટેલે આઝાદી પછી, અખંડ આધુનિક ભારતના નિર્માણ માટે અનેક દેશી રાજ-રજવાડાનું વિલીનીકરણ કરવાનું અજોડ કાર્ય કર્યું હતું. એવા આપણા રાજકીય નેતા સરદાર વલ્લભભાઇ પટેલ જો આજના સમયમાં હોત તો દેશની નાનામાં નાની સમસ્યાથી માંડીને મોટામાં મોટી સમસ્યાનો ઉકેલ આવી જાત. તેમના સ્વપ્નનું ભારત જે આજે જોવા મળે છે તેવું ન હોત.

**શબ્દ સૂચિ :** દશા, દિશા, અધોગતિ, કારભાર, ખાનગીકરણ.

## પ્રસ્તાવના :

**"પૈસા તો આજે છે ને કાલે જતો રહેશે.**
**સટ્ટાબજારમાં ઘણા લોકો પૈસો ગુમાવે છે.**
**પણ સેવાના બજારમાં કોઈપણ દિવસ ગુમાવવાનું નથી હોતું."**
**- સરદાર વલ્લભભાઇ પટેલ**

સરદાર પટેલ એક લોખંડી પુરૂષનું સ્મરણ આજે પણ આપણા હૃદયને આંદોલિત કરે છે. આઝાદ અખંડ ભારતના વિચક્ષણ ઘડવૈયા આજેય આપણી અંદર દેશભક્તિની કેવી મશાલ પ્રગટાવે છે. જેમના વિચાર, વાણી, વર્તન અને આપણે આજની દશા અને દિશામાં તેમના યોગદાન વિષેની વાત કરીએ.

## રાષ્ટ્રીય ઐક્ય :-

૩૧ ઓક્ટોબર ૨૦૧૮ ના દિવસે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે સરદાર પટેલના સન્માનમાં સ્ટેચ્યું ઓફ યુનિટિનું લોકાપર્ણ કરવામાં આવ્યું. આજ દિવસને ૨૦૧૪ માં સરદારની યાદમાં રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે મનાવવાનું શરૂ કર્યું. પણ આ રાષ્ટ્રીય એકતા શું આજના સમયમાં ક્યાંય આપણને જોવા મળે છે. આજે દેશ અનેક ધર્મો અને રાજ્યમાં વહેંચાઇ ગયો છે. આજે આપણે કોઇ માણસને પૂછીએ કે તમે કોણ છો. તો સામેથી જવાબ મળે છે. "હું હિન્દુ છું, હુ મુસ્લિમ છું, હું ઈસાઇ છું," તો કોઈક કહે છે "હું ગુજરાતી છું", "હું મરાઠી છું", "હું રાજસ્થાની છું." આમ આજે માણસ ધર્મ અને રાજ્ય વચ્ચે વહેંચાઈને રહી ગયો છે. આ બધામાં આજે એવો કોઇ મનુષ્ય નથી જે આમ કહી શકે કે 'હું ભારતીય છું' આજે મનુષ્ય ધર્મના નામ પર વહેંચાઇ ગયો છે. સરદારના સમયમાં દરેક નાગરિક ભારતીય હતો જ્યારે આજે માનવી ધર્મની બાબતમાં કે પછી રાજ્યની બાબતમાં વહેંચાઇ ગયો છે. આજે રાષ્ટ્રીય એકતા એ માત્ર લખવાની અને કહેવાની વાત થઇ ગઇ છે. આજે ધર્મના નામ પર રાજકારણના રાજકીય નેતાઓ વોટ માગે છે. આજનો કહીએ કે સૌથી જૂનો પ્રશ્ન અયોધ્યામાં રામ મંદિરનો છે. જે આજે વર્ષો વીતી ગયા

છતાં આજે એનો નિકાલ આવી શક્યો નથી. શું આજે સરદાર જીવિત હોત તો આ પ્રશ્ન હોત ના આજે સરદાર હોત તો અયોધ્યામાં રામ મંદિર હોત. આજે જે ધર્મના નામે કોમી રમખાણો થાય છે તે આજે ન થયા હોત આજે સરદાર હોત તો દરેક મનુષ્ય ભારતીય હોત, એકત્રીત હોત, અને ધર્મની બાબતમાં વહેંચાયેલો દેશ આજે એક હોત. કારણ કે જ્યારે આઝાદી મેળવવા માટે પોતાના ઘરથી નીકળેલો માણસ ન હિન્દુ હતો કે ન મુસ્લિમ હતો કે પછી ન ગુજરાતી કે ન મરાઠી હતો તે ફક્ત એક ભારતીય હતો.

**"કુદરતમાં કદી નાતજાત કે ધર્મનો ભેદભાવ**
**જોવામાં આવ્યો નથી અને આવશે પણ નહિ."**

**- સરદાર વાણી**

## શિક્ષણના પરિપેક્ષ્યમાં :

આજે શિક્ષણના ખાનગીકરણને જોઈએ તો આજે શિક્ષણ એ પૈસા કમાવાનું સાધન બની ગયું છે. કોઈપણ ડીગ્રી મેળવવી હોય તો આજે પૈસા જ કામ કરે છે. આજના સમયમાં બાળક શાળાએ જવાને બદલે ટ્યુશનમાં વધારે જાય છે. બાળકને આજે શાળાના શિક્ષકો પર વિશ્વાસ નથી પણ ટ્યુશનના શિક્ષકો પર વિશ્વાસ વધારે છે.

આજે નવી નવી કોલેજો ખોલાઈ ગઈ છે. જ્યાં લાખો રૂપિયાની ફી ઉઘરાવાય છે. સરદારના સમયમં જે શિક્ષણ હતું તે આજે નથી. શું આજે સરદાર હોત તો દેશનું ભાવિ એવા શિક્ષણની આ સ્થિતી હોત ના હોત આજે સરદાર હોત તો દરેક ભારતીય નાગરિક ઉચ્ચ શિક્ષણ મેળવીને રોજગારી પ્રાપ્ત કરી શકત. તેની પાસેથી શિક્ષણના નામે પૈસા લૂંટવામાં ન આવત. આજે કોઈ શિક્ષિત બેરોજગાર ન હોત.

## જમ્મુ-કશ્મીર પ્રશ્ન :

આજે દેશનો સૌથી જૂનો પ્રશ્ન એ જમ્મુ-કશ્મીરનો છે. સરદારે આ રાજ્યને ભારતમાં તો ભેળવી દીધુ પણ આજે કેટલાય સિપાહીના માથા આ પ્રશ્નના કારણે કપાઈ ચૂક્યા છે. એ સમયે જો આ પ્રશ્નનો નિકાલ આવી જાત તો આજે ભારત શાંતિ અનુભવતો હોત. પણ સરદાર પટેલના મૃત્યુ બાદ આટલા વર્ષો સુધી દેશની આઝાદીને આજે ૭૨ વર્ષ પૂરા થઈ ગયા છે તો પણ આ પ્રશ્ન હજુ છે જ ત્યાં જ છે. શું આ પ્રશ્નનો નિકાલ આવશે કે આ પ્રશ્ન પર હંમેશા રાજનિતી જ થતી રહેશે અને હજારો સિપાહી શહીદ થતાં રહેશે.

તે સમયે સરદારે કહેલું કે આ પ્રશ્નને સંયુક્ત રાષ્ટ્રમાં ના લઈ જવો આપણે જ હલ કરી દઈશું. પણ આ કામ થાય તે પહેલા જ સરદારનું મૃત્યું થઈ ગયું હતું. અને આ પ્રશ્ન જેવો છે તેવો જ રહી ગયો. જો આજે સરદાર હાજર હોત તો આ પ્રશ્નનો ઉકેલ ક્યારનોય આવી ગયો હોત.

**"મારી તો ઈશ્વરને એટલી જ**
**પ્રાર્થના છે કે આપણને બધાને તે**
**અંતદ્રષ્ટિ કરવાની શક્તિ આપે"**

**- સરદાર વાણી**

## ખેડૂત પ્રશ્નમાં સરદાર :

જ્યારે એક સમય એવો હતો કે સરદાર પટેલ ખેડૂતોના હિત અને રક્ષણ માટે બારડોલી અને ખેડા સત્યાગ્રહ કરીને તેમને સરકાર પાસેથી ન્યાય અપાવ્યો હતો. જ્યારે આજે તો ખેડૂત ન્યાય તો નથી મેળવી શકતો પણ તે પાયમાલ થતો જાય છે. દેવાદાર થતો જાય છે. આજનો ખેડૂત એ પોતાની જમીન પર મેળવેલા પાકની પૂરેપૂરી કિંમત પણ મેળવી

શકતો નથી. જો આજે સરદાર હોત તો શું ખેડૂતોની આવી દશા જોવા મળત આપણને ના જો આજે સરદાર હોત તો દેશનો કોઈપણ ખેડૂત દેવાદાર કે પાયમાલ ના હોત.

**“નબળાનું રક્ષણ કરવું એ રાજ્યનો ધર્મ છે.**
**સબળા તો પોતાનું રક્ષણ કરી શકે છે. પણ જો**
**નબળાનું રક્ષણ રાજ્ય નહી કરે તો બીજુ કોણ કરે ?”**

**- સરદાર વાણી**

**સ્ત્રી સ્વાતંત્ર્યમાં સરદાર :**

૧૯૨૯ ની વાત કરીએ તો એ સમયે ચંપારણ સત્યાગ્રહ ચાલતું હતું. એવા સમયે ગાંધીજીથી આકર્ષાઇને સરદાર ચંપારણની મુલાકાતે ગયા હતાં. એ મુલાકાત સમયે એમણે જોયું કે ત્યાં આજે પણ સ્ત્રીઓની દયનિય સ્થિતી સારી નથી. સ્ત્રી જાણે માણસ જ નથી. એમ એમની સાથે વર્તન કરવામાં આવતું. એમને હંમેશા પડદામાં રહેવું પડતું. આ બધુ જોઇને સરદારે કહેલું કે “જો મારા હાથમાં કાયદો હોત તો હું એવાઓને ગોળીએથી ઠાર મારવાની સજા ફરમાવું.” કે જેઓ સ્ત્રીઓનું માન કરતાં નથી.

આજનો સમાજ એ ૨૧ મી સદી સુધી પહોંચી ગયો છે. પણ આજે સ્ત્રી સલામત નથી. પડદા પ્રથા, દૂધપીતિ, દહેજ પ્રથા, યૌન શોષણ જેવી બિમારી આજે પણ સમાજમાં જોવા મળે છે. ભારતમાં એવા કેટલાય સ્થળો છે જ્યાં સ્ત્રીને શિક્ષણનો અધિકાર નથી, તે પુરૂષની જેમ નોકરી કરી શકતી નહ્તી. તેનું કામ ફક્ત ઘર સંસાર છે. આવી બધી પરંપરાઓથી આજે પણ દેશ આગળ જઇ શક્યો નથી. કહેવામાં તો ભારત વિકાસશીલ દેશ છે. પણ શું જ્યાં સ્ત્રીનું સન્માન ના હોય ત્યાં આ વિકાસશીલતા શું કામની.

જો આજે સરદાર હોત તો આઝાદ થઇ ગયેલા આપણા દેશમાં સ્ત્રી ગુલામ ના હોત અને આજે આપણા પરિવાર અને આસપાસના સમાજમાં સ્ત્રીઓનું માન જળવાયું હોત.

**“તમે સ્ત્રીઓને ગુલામ પશુડી જેવી**
**રાખી છે. એટલે એમની ઓલાદ તમે પણ**
**પશુ જેવા જ રહ્યા છો.”**

**- સરદાર વાણી**

**સ્વચ્છતા અભિયાન :**

ચંપારણ સત્યાગ્રહને ૧૦૦ વર્ષ પુરા થયા તેની શતાબ્દીમાં આપણે આ વર્ષને સ્વચ્છાગ્રહના રૂપમાં મનાવ્યો. પણ શું આજે આ ૨૧ સદીના વિજ્ઞાન અને ટેક્નોલોજીના યુગ માં દેશ તો આગળ વધી ગયો પણ શું દેશના શહેર સ્વચ્છ છે. ના જ્યાં જોઇએ ત્યાં પ્લાસ્ટિકની થેલી, સડેલા ફળફળાદી, શાકભાજી, વાહનોમાંથી નીકળતા ધુમાડાના કારણે થતા પ્રદૂષણ જે શહેરમાં જોઇએ ત્યાં કચરાના ઢગલે ઢગલા જોવા મળે છે. રસ્તા પર આમતેમ થૂકવું. પ્લાસ્ટિકની બોટલ કચરા પેટીના બદલે રસ્તા પર રખડતી જોવા મળે છે. સરકાર તો સ્વચ્છતા અભિયાન ચલાવી રહી છે. પણ શું આજે દેશનો દરેક નાગરિક સ્વચ્છ છે. શું સરકાર સ્વચ્છતા બાબતે વધુ જાગ્રત છે. ના જે અમદાવાદ એક સમયે સડેલા કચરા જેવું હતું. તેની સુધરાઇનું કામ સરદારે મ્યુનિસિપાલીટીના પ્રમુખ બનીને ઉઠાવી લીધું અને અમદાવાદને સ્વચ્છ બનાવી દીધું. એ અમદાવાદ અને આજના અમદાવાદમાં ખૂબ જ ફરક જોવા મળે છે. જો આજે સરદાર હોત તો દેશના અનેક શહેરો જ નહિ પણ દેશના ખૂણે-ખૂણા સ્વચ્છ હોત.

**“ગરીબ લતાઓમાં કેવી સ્થિતિ છે.**

**તે પરથી મ્યુનિસિપાલીટીના કારભારની**
**પરીક્ષા થાય છે."**

**- સરદાર વાણી**

**અન્ય હકીકત :**

સ્વતંત્ર ભારતના ગૃહમંત્રીના રૂપમાં વલ્લભભાઈ એવા પ્રથમ વ્યક્તિ હતા કે જેમણે ભારતીય નાગરિક સેવાઓ (ICS) નું ભારતીયકરણ કરીને તેને ભારતીય પ્રશાસનિક સેવાઓ (IAS) માં બદલી નાંખ્યું. અંગ્રેજો સાથે કામ કરતા આ અધિકારીઓમાં વિશ્વાસ ભરીને તેમને દેશભક્તિ અને રાષ્ટ્રભક્તિ તરફ વલ્લભભાઈ લઈ આવ્યા. એવું કહેવાય છે કે જો થોડા વર્ષ વલ્લભભાઈ જીવિત હોત તો આજે જે નૌકરશાહી ચાલી રહી છે તેની તેમણે કાયાપલટ કરી લીધી હોત.

સરદાર પટેલ પાકિસ્તાનના છળ-કપટ અને ચાલાકીથી બધાને વાકેફ કરાવતા હતા. જે ભારતના ભાગલા કરવા માગતા હતા તેવા મુસ્લિમ લીંગની વિભેદનકારી નિતી અને રૂસ પ્રત્યે તેમની સ્વામિ ભક્તિથી પટેલ સજાગ હતા. અનેક વિધ્વાનોના કથન પ્રમાણે વલ્લભભાઈએ બિસ્માર્ક હતાં. ત્યારે એમ કહેવામાં આવે છે કે જો પટેલની વાત માની હોત તો આજે જે કશ્મીર, ચીન, તિબ્બત તેમજ નેપાલની જે હાલત છે તે આજે ન હોત. આથી એમ કહેવાય છે કે પટેલ હોત તો મનુનાં શાસનની કલ્પના કરી શકાત. તેમનામાં કૌટિલ્ય જેવી કૂટનિતિજ્ઞતા તેમજ મહારાજા શિવાજી જેવી દૂરદર્શિતા હતી. એ કેવળ સરદાર જ નહિ. પરંતુ સમગ્ર ભારત વાસીઓના હૃદયના સરદાર હતા.

**"બહાદૂર માણસો નવા રસ્તા પાડે છે.**
**કાયર અને ડરપોક સમાજના ખોટા**
**બંધનોથી ડરી સમાજની અને**
**કુટુંબની અધોગતિમાં મદદગાર થાય છે."**

**- સરદાર વાણી**

**સમાપન :**

આમ, અખંડ ભારતના રચયિતા કે જેમણે છૂટા-છવાયા વિસ્તારોને ભારતમાં ભેળવીને અખંડ ભારતની રચના કરી એવા સરદારના સ્વપ્ન સમા ભારત દેશની આજની દશા ખૂબ દયનીય છે. આ દેશને સાચી દિશા તરફ લઈ જવા માટે સરદાર વલ્લભભાઈ પટેલ જેવા નેતાની આજે જરૂરત છે.

**સંદર્ભ સૂચિ:**

૧. ડૉ. રિઝવન કાદરી, "સરદાર પટેલ એક સિંહ પુરૂષ", ગુર્જર ગ્રંથ સાહિત્ય પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૯.
૨. ડૉ. મીનાક્ષી ઠાકર, "રાષ્ટ્ર વિદ્યાપક સરદાર", વિશ્વ ગુજરાતી સમાજ પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૧.
૩. રાજેન્દ્રમોહન ભટનાગર, "સરદાર", ગુર્જર પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ: ૨૦૧૫.